सत्यमेव जयते

**વાલીયાના મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–વાલીયા.**

**ક્રિમીનલ કેસ નંબર– ૫૪૭/૨૦૨૬**

આંક:–

ફરીયાદી:– શ્રી સરકાર

વિરૂધ્ધ.

આરોપી:– સંજીવકુમાર મહેન્દ્રસિંગ સીંગ

રહે.શીવા પ્રા.લી.ડુંગરી,તા.વાલીયા,જી.ભરૂચ.

**ગુનો :ભારતીય ન્યાય સંહીતાની કલમ– ૨૨૩(બી) મુજબ**

::: ઠરાવ :::

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત મુજબ આ કામના આરોપીએ પોતાની માલીકીની મિલકત ભાડેથી આપી, ભાડા કરાર અંગેની પો.સ્ટે.માં નોંધણી નહી કરાવી મહે.ડી.એમ.સાહેબશ્રી, ભરૂચનાઓનો ક્રમાક: એમ.એજી./પી.ઓ.એલ.વશી/૭૧૦૮/૨૪,તા.૩૦/૦૯/૨૦૨૪ના જાહેર નામાનો ભંગ કરી,ગુનો કરેલ અને તપાસની અંતે ચાર્જશીટ કરેલુ.

(૨) આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થતા આરોપીને કેસ પેપર્સની નકલ મળ્યાની ખાતરી કરેલ ત્યારબાદ આરોપીને ગુના અંગેની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે.જેમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કરેલાનુ કબુલ રાખેલ છે અને આરોપી ગુનાની કબુલાત કરવા માંગતા હોય આરોપીની ગુના અંગેની કબુલાત પુરશીશ રજુ કરી જણાવેલ છેકે પ્રથમ ગુનો છે અને આ ગુનો કરવામાં

તેમનો કોઈ ઈરાદો ન હતો અને આરોપીએ આરોપી તદન ગરીબ ઈસમ છે અને આરોપી મજુરી વર્ગનુ કામ કરી જીવન ગુજારે છે અને કુટુંબીજનોનો ભરણપોષણ કરતા આવેલા છે અને દયા રાખી ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) આરોપીની ગુન્હાની કબુલાત સ્વેચ્છાપૂર્વક ની હોવાની અદાલતે ખાત્રી કરેલ છે. તેમજ આરોપી તર્ફે ની રજુઆત તથા ક્રિ.અપીલ નં .૪૭૭/૦૨ વિગેરેના કામમાં સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરીચંદરજી ઠાકોરના કેસમાં નામદાર હાઈકોર્ટ સદરહુ ચુકાદામા નિરીક્ષણ કર્યા મુજબ ખાસ અને સ્પેશયલ કારણો હોય અને પ્રથમ વખતનો ગુનો હોય તેવા સંજોગોમાં અદાલત જયારે આરોપી ગુનો કબુલ કરે અગર તો પુરાવાથી કેસ સાબીત થાય તેવા સંજોગોમાં જે કાયદામાં ઓછામાં ઓછી સજા નકકી કરેલ હોય તેના કરતાં પણ અદાલત ઓછી સજા કરી શકે છે.આ પ્રકારનું નિરીક્ષણ ધ્યાને લેતાં તથા આરોપીનો પ્રથમ ગુનો હોય તથા પુરશીશમાં જણાવેલ કારણો જોતા તથા કેસ ચાર્જશીટ તેમજ આરોપી સામેના ગુનામાં સજાની જોગવાઈ તેમજ આરોપીની ઉંમર ધ્યાને લેતા તથા કબુલાત પુરશીશમાં જણાવેલ કારણો ધ્યાને લેતા આરોપીને લઘુતમ કે સુધારાત્મક સજા કરવી જોઈએ તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુ ક મ:–**

આરોપી <u>સંજીવકુમાર મહેન્દ્રસિંગ સીંગ રહે. શીવા પ્રા.લી.ડુંગરી,તા.વાલીયા,જી.ભરૂચ.</u> નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ: ૨૭૫ અન્વયે ભારતીય ન્યાય સંહીતાની કલમ–૨૨૩(બી) અન્વયેના ગુના સબબ દોષીત ઠરાવી આરોપીને રૂા.૫૦૦/–અંકે રુપિયા પાંચસો પુરાનો દંડ તથા ઠપકો આપવામાં

આવે છે. અને જો દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં તારીખ–૧૧ મી, માહે–જુલાઈ,સને–૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : વાલીયા.

(એ.એમ.સોની)
જયુ.મેજી.ફર્સ્ટ કલાસ
વાલીયા.
યુનીક જજ કોડ – ૦૧૬૩૬